## ૫ -૧૪ એકપ્રદેશાદિષુ ભાજ્યઃ પુદગલાનામ

એક પ્રદેશ - આદિષુ ભાજ્યઃ પુદ્ગલાનામ

લોકાકાશના એક પ્રદેશથી આરંભી અસંખ્ય પ્રદેશોમાં પુદ્ગલ દ્રવ્ય રહે છે.

પુદ્ગલાસ્તિકાય દ્રવ્ય એક આકાશ પ્રદેશમાં પણ હોય, બે આકાશ પ્રદેશમાં પણ હોય છે અને ત્રણ આકાશ પ્રદેશોમાં પણ હોય છે. ૧ પરમાણુ એકજ આકાશ પ્રદેશમાં રહે. બે પ્રદેશોનો પરમાણુ એક આકાશ પ્રદેશમાં કે બે પ્રદેશમાં રહે. ૧૦૦ પરમાણુનો સ્કંધ ૧ આકાશમાં પણ રહે અને ૧૦૦ આકાશ પ્રદેશમાં પણ રહે. અનંત પરમાણુઓનો બનેલો સ્કંધ ૧ આકાશ પ્રદેશમાં પણ રહે અને વધુમાં વધુ અસંખ્યાત આકાશ પ્રદેશમાં પણ રહે છે, પરંતુ અનંત પ્રદેશોમાં રહેતા નથી કારણકે સમસ્ત લોકમાં જ પુદ્ગલ દ્રવ્ય રહે છે અને તેના અસંખ્યાત્ પ્રદેશો છે. જે રીતે એક સ્થાનમાં હજારો દીવાઓનો પ્રકાશ સમાઈ શકે છે તે રીતે અનંતાનંત પરમાણુ પણ એક ક્ષેત્રમાં સમાઈ રહે છે.

શંકા. અનંત પ્રદેશોવાળા પુદ્ગલના સ્કંધો એક આકાશ પ્રદેશમાં કઈ રીતે રહી શકે ?

સમાધાન: પુદ્ગલોનો અત્યંત સૂક્ષ્મ થવાનો સ્વભાવ છે. આકાશનો પુદ્ગલોને તેવી રીતે અવગાહ (જગા) આપવાનો સ્વભાવ છે. અનંતપ્રદેશોવાળા અનંત સ્કંધો પણ એક પ્રદેશમાં રહી શકે છે. જેમ કે એક રૂમમાં હજારો દીવાનું તેજ ફેલાયેલું હોય તો તે રૂમના એક એક પ્રદેશમાં તેજના (પ્રકાશના) હજારો પુદ્ગલો રહેલા છે. દૂધ ભરેલા કપમાં જગ્યા ન હોવા છતાં સાકર નાખવામાં આવે તો સમાઈ જાય છે.

## ૫ - ૧૫ અસંખ્યેય ભાગાદિષુ જીવાનામ્

અસંખ્યેયભાગ - આદિષુ જીવાનામ

લોકાકાશના અંગુલના અસંખ્યાતમાં ભાગથી આરંભી સંપૂર્ણ લોકાકાશ સુધીમાં જીવદ્રવ્ય રહે છે. નિગોદનો જીવ અત્યંત સુક્ષ્મ હોવાથી અંગુલના અસંખ્યાતમા ભાગમાં રહે છે. જેમ શરીર મોટું તેમ અવગાહના મોટી હોય છે. પરંતુ કેવલી ભગવંત સમુદ્ઘાત કરે છે ત્યારે તેમના આત્મપ્રદેશો સંપૂર્ણ લોકવ્યાપી બને છે.

કાળની અપેક્ષાએએક જ જીવના અવગાહ ક્ષેત્રનું પ્રમાણ ભિન્ન ભિન્ન હોય છે. કીડીના આત્મપ્રદેશો, તેટલા નાના શરીરમાં રહે છે તેજ જીવ મૃત્યુ પામીને હાથીના ભવમાં આવે તો તેટલાજ આત્મપ્રદેશો હાથી પ્રમાણ શરીરમાં રહે છે.

## ૫ - ૧૬ પ્રદેશસંહાર - વિસર્ગાભ્યાં - પ્રદીપવત્

આત્માના પ્રદેશોનો દીપકના પ્રકાશની જેમ સંહાર (સંકલ્પ ) અને વિસર્ગ (વિસ્તાર ) થાય છે. દિપકનો પ્રકાશ નાના રૂમમાં પણ સમાય અને મોટા હોલમાં પણ સમાય તેજ પ્રમાણે જીવના પ્રદેશોનો પણ શરીર પ્રમાણે સંકોચ - વિકાસ થયા કરે છે.

**પ્રશ્ન:** જીવ અને પુદ્ગલની ગતિ અને સ્થિતિના બાહ્ય કારણ તરીકે આકાશને માનવાથી પણ ગતિ અને સ્થિતિ થઈ શકે છે. જેમ પાણી એ માછલીનો આધાર હોવા ઉપરાંત ગતિ-સ્થિતિમાં પણ કારણ બને છે. તેમ આકાશ એ જીવ-પુદ્ગલના આધાર અને ગતિ સ્થિતિના કારણ તરીકે માનવાથી ઇષ્ટની સિદ્ધિ થઈ શકે છે. પછી ધર્મ-અધર્મ દ્રવ્યને માનવાની જરૂર શી?

**સમાધાન:** આ પ્રશ્નના ઉત્તરમાં પહેલો પ્રશ્ન તો એ થાય કે જો આકાશ ગતિ-સ્થિતિમાં કારણરૂપ હોય તો અલોકાકાશમાં ગતિ અને સ્થિતિ કેમ થતી નથી? અલોકાકાશમાં જીવ-પુદ્ગલની ગતિ-સ્થિતિ ન હોવાથી આકાશ સિવાય અન્ય કોઈ એવું દ્રવ્ય હોવું જોઈએ કે જે દ્રવ્ય જીવ-પુદ્ગલની ગતિ-સ્થિતિમાં કારણ હોય, નહિ જે ગતિમાં કારણ હોય તે સ્થિતિમાં કારણ ન બની શકે. જે સ્થિતિમાં કારણ હોય તે ગતિમાં કારણ ન બની શકે. આથી ગતિ અને સ્થિતિના જુદા જુદા કારણરૂપ બે દ્રવ્યો હોવા જ જોઈએ. આ બે દ્રવ્યો તે ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય, 'ગતિ રૂપે પરિણત જીવ-પુદ્ગલોને ગતિમાં સહાયક બનવું એ ધર્માસ્તિકાયનું લક્ષણ' છે. 'સ્થિતિ રૂપે પરિણત જીવ-પુદ્ગલોને સ્થિતિમાં સહાયક બનવું' એ અધર્માસ્તિકાયનું લક્ષણ છે.

**સાર:** ગતિ અને સ્થિતિસહાયક દ્રવ્યો અનુક્રમે ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય નો વિચાર કરીએ તો આ વિશ્વમાં "હું" કંઈ કરી શકતો નથી એ વાત સમજાઈ જશે. કારણ કે જીવ કે પુદ્ગલની ગતિ કે સ્થિતિમાં નિમિત્ત બનવું કાર્ય તો ધર્મ-અધર્મ દ્રવ્ય કરે છે. માટે હે જીવ તું અહંકારનો ત્યાગ કર અને મોક્ષ માટે પુરુષાર્થ કર.

ગતિસ્થિત્યુપગ્રહો ધર્માધર્મયોરુપકારઃ ૫-૧૭
ગતિ-સ્થિતિ-ઉપગ્રહ: ધર્મ-અધર્મયો: ઉપકાર: ૫-૧૭

<u>સૂત્રાર્થ</u>: ગતિમાં અને સ્થિતિમાં સહાયતા આપવી એ ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયનો ઉપકાર છે.

<u>ભાવાર્થ</u>: અહીં ઉપગ્રહનો અર્થ નિમિત્ત બનવું છે અને ઉપકારનો અર્થ કાર્ય છે. જીવ અને પુદ્ગલ બંનેનો ગતિ અને સ્થિતિ (સ્થિર) થવાનો સ્વભાવ છે, ધર્માસ્તિકાયનું કાર્ય જીવ અને પુદ્ગલને ગતિમાં સહાય કરવાનું છે. અધર્માસ્તિકાયનું કાર્ય જીવ અને પુદ્ગલને સ્થિતિમાં સહાય કરવાનું છે. માછલીમાં ચાલવાની અને સ્થિર રહેવાની શક્તિ હોવા છતાં ગતિ કરવામાં પાણીની અને સ્થિતિ કરવામાં જમીનની અપેક્ષા રહે છે, મનુષ્યમાં જોવાની શક્તિ હોવા છતાં પ્રકાશની અપેક્ષા રહે છે, તેમ જીવ કે પુદ્ગલમાં ગતિ અને સ્થિતિની શક્તિ હોવા છતાં અનુક્રમે ધર્મ-અધર્મ દ્રવ્યની સહાય લેવી પડે છે. આ રીતે જીવ અને પુદ્ગલને ગતિ કરવામાં બાહ્ય નિમિત્ત બનનાર ધર્મ દ્રવ્ય છે અને સ્થિતિ કરવામાં બાહ્ય નિમિત્ત બનનાર અધર્મ દ્રવ્ય છે. આ બંને દ્રવ્યો ઉદાસીન બનનાર રૂપ છે, પ્રેરક નહિ. તેઓ કોઈ પણ દ્રવ્યને ધક્કો મારીને ચલાવતા નહિ કે પકડીને સ્થિર કરતા નહિ. એટલે કે ચાલવાની કે સ્થિર રહેવાની પ્રેરણા કરતા નહિ. વળી ધર્મ-અધર્મ દ્રવ્ય અસંખ્યાત પ્રદેશી કહ્યું છે અનંત પ્રદેશી નહિ. જો તે અનંત પ્રદેશવાળું હોત તો અલોકમાં પણ પુદ્ગલ કે જીવની ગતિ કે સ્થિતિ થઈ શકતી હોત. બંને દ્રવ્યોનું કાર્ય પણ લોકાકાશના પુરતું જ છે. જો કેવળ ધર્મદ્રવ્ય જ માનશો તો જીવ-પુદ્ગલની ગતિ ચાલ્યા જ કરશે અને જો અધર્મદ્રવ્યને જ માનશો તો બધા સ્થિર - પુતળા જેવા થઈ જશે. માટે બંને દ્રવ્યો સર્વજ્ઞ પરમાત્માના વચનથી પણ ગ્રાહ્ય છે અને તેનું અસ્તિત્વ યુક્તિથી પણ ગ્રાહ્ય છે.

આકાશસ્યાવગાહઃ ૫-૧૮
આકાશસ્ય અવગાહઃ ૫-૧૮

સૂત્રાર્થ: અવગાહ આપવો (જગ્યા આપવી) એ આકાશાસ્તિકાયનો ઉપકાર છે.

ભાવાર્થ: ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, જીવાસ્તિકાય અને પુદ્ગલાસ્તિકાય એ ચારે દ્રવ્યોને આકાશ અવગાહ (જગ્યા) આપે છે. જીવ કે પુદ્ગલનું અવસ્થાનના ક્ષેત્ર બદલાયા કરે છે. ક્યારેક તે આ સ્થાને હોય તો ક્યારેક બીજા સ્થાને પણ હોય. આમ જે સ્થાનેથી તે છૂટો પડે છે તેને વિભાગ કરે છે અને જે સ્થાને તે પ્રવેશ કરે છે તેનો સંયોગ કરે છે. આ બંને સ્થિતિમાં અવગાહ આપવાનું કાર્ય આકાશ જ કરે છે. અવગાહ આપવામાં નિમિત્ત હેતુ તે આકાશ દ્રવ્યનું કાર્ય છે. તેનો અર્થ એ કે આકાશ દ્રવ્ય આધાર છે જ ત્યાં કોઈ આધેય દ્રવ્ય રહે કે ન રહે.

જેમ કોઈ ઘર બનાવવામાં આવે તેને રહેઠાણ કહેવામાં આવે છે. તેમાં કોઈ રહેતું હોય કે ન રહેતું હોય તો પણ તેને રહેઠાણ તો કહેવાય જ છે. તે રીતે આકાશ દ્રવ્ય એ અવગાહ આપવાના લક્ષણને કારણે આધાર તો કહેવાય જ છે. ત્યાં આધેય દ્રવ્ય હોય કે ન હોય તે વાત મહત્ત્વની નથી.

શંકા: જીવ અને પુદ્ગલ તો સક્રિય છે તેથી તેને આકાશ અવગાહ આપે છે તે સમજાય છે પણ ધર્મ અને અધર્મતો નિષ્ક્રિય છે તેને અવકાશ દેવાની વાત કઈ રીતે સમજવી?

સમાધાન: જો કે ધર્મ, અધર્મ દ્રવ્યમાં અવગાહન ક્રિયા હોતી નથી, કેમકે આ દ્રવ્યો નિષ્ક્રિય છે. છતાં પણ ઉપચારથી તેને અવગાહી જ કહ્યા છે અને આકાશ દ્રવ્યનું કાર્ય અવગાહ આપવો તે કહ્યું છે. વળી લોકાકાશમાં ધર્મ અધર્મ દ્રવ્ય સર્વત્ર વ્યાપ્ત છે માટે વ્યવહારનયથી ધર્મ અધર્મ દ્રવ્યનો આકાશ દ્રવ્યમાં પ્રવેશ થાય છે તેમ માનવું ઉચિત છે.

સાર: ગતિ-સ્થિતિ કે અવગાહ (રહેવા આપવું) તેમાં ધર્મ, અધર્મ અને આકાશ દ્રવ્યોનો ઉપકાર છે. આટલું જ વાતનું સ્મરણ કરીએ તો માન ઘટશે અને લોભવૃત્તિ ઉપર ઘણો અંકુશ આવી શકે. જો આકાશ દ્રવ્યની વાત કરીએ તો સમગ્ર વિશ્વમાં અવગાહ આપવાનું કાર્ય તે જ (આકાશ જ) કરે છે. પછી આ મારું ઘર, આ બંગલા મારો છે, વગેરેમાં આપણું કેટલું મમત્વ કરીએ છીએ. આપણે આપણા આત્માને સંબોધીને અંકુશ મૂકીએ, હે જીવ! મારું ~~ઘર~~ ઘર, મારી જગા વગેરે રહેવાના તંબૂ સ્થળ તારા ક્યાં થયા? એ તો આકાશ દ્રવ્યના ઉપકારથી પ્રાપ્ત થયેલ છે. જો અવગાહ આપવાનું કાર્ય ન કરે તો તારી શી હાલત હોય? આ વિશ્વમાં કશું જ તારું નથી માટે ~~[illegible]~~ અહંકારનો ત્યાગ કરી મોક્ષ માટે પુરુષાર્થ કર.

શરીરવાઙ્મનઃપ્રાણાપાનાઃ પુદ્ગલાનામ્ ૫-૧૯

શરીર-વાઙ્-મનઃ પ્રાણ-અપાનાઃ પુદ્ગલાનામ્ ૫-૧૯

સૂત્રાર્થ: શરીર, વાણી, મન, પ્રાણ (શ્વાસ) અને અપાન (ઉચ્છ્વાસ) એ પુદ્ગલોનો ઉપકાર (કાર્ય) છે.

ભાવાર્થ: ધર્મ, અધર્મ, આકાશનું કાર્ય (ઉપકાર) જણાવ્યા પછી સૂત્રકાર મહર્ષિ પુદ્ગલનો ઉપકાર (કાર્ય) જણાવે છે.

(૧) શરીર પાંચ પ્રકારના છે. ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ અને કાર્મણ. આ પાંચેય શરીર પૌદ્ગલિક છે. કેમકે તે પુદ્ગલોના જ બનેલા છે.

(૨) વાણી અર્થાત્ ભાષા પણ પૌદ્ગલિક છે. જીવ જ્યારે બોલે છે ત્યારે પહેલા આકાશમાં રહેલા ભાષાવર્ગણાના (ભાષા રૂપે બનાવી શકાય તેવા) પુદ્ગલો ગ્રહણ કરે છે. ત્યાર પછી પ્રયત્નવિશેષથી તે પુદ્ગલોને ભાષારૂપે પરિણમાવે છે. પછી પ્રયત્નવિશેષથી તે પુદ્ગલોને બહાર છોડે છે.

અને ભાષા રૂપે પરિણમેલા પુદ્ગલો એટલે જ શબ્દ. ભાષા રૂપે પરિણમેલા પુદ્ગલોને છોડી દેવા એટલે જ "બોલવું." ભાષા રૂપે પરિણમેલા પુદ્ગલોને છોડવાથી અર્થાત્ બોલવાથી એ પુદ્ગલોમાં ધ્વનિ ઉત્પન્ન થાય છે. આ ધ્વનિ શબ્દ કે વાણી ભાષા વર્ગણાના પુદ્ગલોનું પરિણામ હોવાથી પૌદ્ગલિક દ્રવ્ય છે. ભાષાનું જ્ઞાન શ્રવણેન્દ્રિય દ્વારા થાય છે. ભાષા રસનેન્દ્રિયની સહાયથી ઉત્પન્ન થાય છે અને શ્રવણેન્દ્રિયની સહાયથી જાણી શકાય છે.

<u>શંકા</u>: ભાષાવર્ગણાના પુદ્ગલો વાણી રૂપે પરિણમે છે અને તેનું જ્ઞાન શ્રોત્રેન્દ્રિય દ્વારા થાય છે તેમ તમે કહો છો તો પછી કોઈના એક શબ્દો કોઈ વચન સાંભળ્યા પછી ફરી કેમ સંભળાતા નથી ?

<u>સમાધાન</u>: જેવી રીતે એકવાર જોયેલી વીજળી તેના પુદ્ગલો સાથે આખુ વિખરાઈ જવાથી બીજીવાર દેખાતી નથી, તેમ એકવાર સંભળાયેલા શબ્દો તેના પુદ્ગલો સાથે આખુ વિખરાઈ જવાથી ફરીથી સંભળાતા નથી.

<u>શંકા</u>: ટેપ કરેલા કે રેકોર્ડ કરેલા શબ્દો વારંવાર સાંભળી શકાય છે તેનું શું કારણ છે ?
<u>સમાધાન</u>. શબ્દરૂપી પુદ્ગલોને ટેપ રેકોર્ડરમાં સંસ્કારિત કરાયેલા હોય છે. તેથી આ સંસ્કારિત શબ્દોને વારંવાર સાંભળી શકાય છે. જેમ વીજળી થાય ત્યારે જ ફોટો લેવામાં આવેલ હોય તો આપણે તેને વારંવાર જોઈ શકીએ છીએ.

<u>શંકા</u>: ભાષાને તમે પુદ્ગલ દ્રવ્ય કહો છો તો ભાષા પણ શરીરની માફક દેખાવી જોઈએ ને ?
<u>સમાધાન</u>: ભાષાના પુદ્ગલો અર્થાત્ શબ્દના પુદ્ગલો અત્યંત સૂક્ષ્મ હોવાથી આંખોથી દેખી શકાતા નથી. શબ્દો કેવળ શ્રવણેન્દ્રિયથી જ પકડી શકાય છે.

<u>શંકા</u> જો શબ્દ પુદ્ગલો આંખો વડે જોઈ શકાતા ન હોય તો તેને અરૂપી માનવામાં વાંધો શું છે?

<u>સમાધાન</u>: આગમમાં શબ્દ પુદ્ગલોને અરૂપી માનવામાં કેટલાક દોષો સ્પષ્ટ દેખાય છે જેમ કે;

- અરૂપી વસ્તુ રૂપી વસ્તુની મદદથી જાણી ન શકાય જ્યારે શબ્દો શ્રોત્રેન્દ્રિયની મદદથી જાણી શકાય છે.
- અરૂપી પદાર્થને રૂપી પદાર્થ પ્રેરણા ન કરી શકે, જ્યારે શબ્દને રૂપી વાયુ પ્રેરણા કરી શકે છે. તેથી જો વાયુ અનુકૂળ હોય તો શબ્દો દૂરથી પણ સાંભળાય છે અને વાયુ પ્રતિકૂળ હોય તો નજીકથી પણ શબ્દો સાંભળવામાં મુશ્કેલી પડે છે.
- અરૂપી વસ્તુ પકડી ન શકાય. શબ્દોને તો રેડીયો ટેપ વગેરેમાં પકડી શકાય છે.
- સર્વજ્ઞ પરમાત્માએ શબ્દોને રૂપી જ કહ્યા પછી આપણે તેને અરૂપી માનવા તે વિતંડાવાદમાં શંકા કરવા જેવું છે.

(3) મન પણ પુદ્ગલના પરિણામ રૂપ હોવાથી પૌદ્ગલિક છે. જીવ જ્યારે વિચાર કરે છે ત્યારે પ્રથમ આકાશમાં રહેલા મનોવર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરે છે. ત્યાર પછી ગ્રહણ કરેલા પુદ્ગલોને મન રૂપે પરિણમાવે છે. વિચાર કરવામાં સહાયક મન રૂપે પરિણમેલા મનોવર્ગણાના પુદ્ગલો દ્રવ્ય મન છે. આ રીતે દ્રવ્યમનની ઉત્પત્તિ જ મનોવર્ગણાના પુદ્ગલ હોવાથી મન નિયમા પૌદ્ગલિક છે. અન્યથા વિચારોના પ્રવાહ વહે જ નહિ.

(4) પ્રાણાપાન (શ્વાસોચ્છ્વાસ) – જીવ જ્યારે શ્વાસોચ્છ્વાસ લે છે ત્યારે પ્રથમ શ્વાસોચ્છ્વાસ વર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરે છે. ત્યાર પછી ~~[illegible]~~ શ્વાસોચ્છ્વાસ રૂપે પરિણમાવે છે. શ્વાસોચ્છ્વાસ રૂપે પરિણમેલ પુદ્ગલોને છોડી દેવા એટલે જ પ્રાણાપાનની ક્રિયા કરવી. આમ શ્વાસોચ્છ્વાસ પણ પુદ્ગલના પરિણામ રૂપ છે.

રૂપી દ્રવ્ય હોવા છતાં, રૂમાલ વડે નાક અને મુખને

ટાળી દેવામાં આવે ત્યારે શ્વાસોચ્છ્વાસનો પ્રતિઘાત થાય છે. આ રીતે મૂર્ત દ્રવ્ય વડે જેનો પ્રતિઘાત પણ તેનાં પૌદ્ગલિક પણાને સિદ્ધ કરે છે.

__શંકા:__ કાર્મણ શરીર નો આંખથી માલૂમ થઈ આકાર નથી પછી તે પૌદ્ગલિક કઈ રીતે હોઈ શકે?

__સમાધાન:__ ભલે કાર્મણ શરીર આકાર રહિત હોય પણ બીજા અનાહારક આદિ મૂર્ત દ્રવ્યના સંબંધથી સુખ દુઃખ આપે છે. તેથી તે ~~પૌદ્ગલિક~~ પૌદ્ગલિક છે. વળી કર્મ પોતે પણ પુદ્ગલ દ્રવ્ય છે.

__સાર:__ જગ જેને મારું કહે છે તે શરીર ખરેખર પુદ્ગલનો ઉપકાર છે, આ શરીર, આ ભાષા, આ મન અને શ્વાસોચ્છ્વાસ સૂક્ષ્મ પુદ્ગલનું જ કાર્ય છે. હવે જો કોઈ શ્વાસોચ્છ્વાસ જેવી ક્રિયા પણ તારી પોતાની ન હોય અને પૌદ્ગલિક હોય તો પછી હે જીવ! આ જગતમાં તારું શું છે?

વળી જે શરીરની સજાવટ પાછળ તું આટલો પાગલ બને છે, જે ભાષાને માટે આટલો પુરુષાર્થ કરે છે, મન નચાવે તેમ નાચ કરે છે, એ બધી પ્રવૃત્તિ તો પૌદ્ગલિક જ છે તેમાં આત્મિક શું છે? કોઈ ~~[illegible]~~ અજીવ દ્રવ્ય તારા ઉપર આટ-આટલા ઉપકારો કરે છે તો તેની સહાય લઈ જીવના વિકાસ સાધનાને બદલે વિનાશી માર્ગે શા માટે આગળ વધે છે? આ બધું પૌદ્ગલિક જ છે તેવું હવે સમજાયું છે તો તેનો દૂર કરી તારા મૂળભૂત આત્મ દ્રવ્યમાં સ્થિર થા. પુદ્ગલની આંગળીએ વળગેલ બાળક જેવું જીવન ક્યાં સુધી જીવીશ?

સુખદુઃખજીવિતમરણોપગ્રહાશ્ચ ૫-૨૦
સુખ-દુઃખ-જીવિત-મરણ-ઉપગ્રહાઃ ચ ૫-૨૦

<u>સૂત્રાર્થ</u>: સુખ, દુઃખ, જીવન અને મરણ પણ પુદ્ગલોનો ઉપકાર છે. (પુદ્ગલો નિમિત્ત બને છે.)

<u>ભાવાર્થ</u>: (૧) સુખ:- સુખમાં નિમિત્ત થવું તે પુદ્ગલોનો ઉપકાર છે. પણ સુખ એટલે શું? સાતાવેદનીય કર્મના ઉદયથી ઇષ્ટ ભોજન, વસ્ત્ર, સ્ત્રી દ્વારા ઉત્પન્ન થતી માનસિક પ્રસન્નતા આનંદ. સુખમાં બાહ્ય અને અભ્યંતર બે કારણો છે, સાતાવેદનીય કર્મનો ઉદય અંતરંગ કારણ છે. ઇષ્ટ ભોજન આદિની પ્રાપ્તિ બાહ્ય કારણ છે. આ બંને કારણો પુદ્ગલ રૂપ હોવાથી સુખ પુદ્ગલનો ઉપકાર છે.

(૨) દુઃખ:- દુઃખ એટલે અસાતાવેદનીય કર્મના ઉદયથી અનિષ્ટ ભોજન, વસ્ત્ર આદિ દ્વારા ઉત્પન્ન થતો માનસિક સંક્લેશ. દુઃખ એ અસાતા વેદનીય કર્મના ઉદયરૂપ અંતરંગ અને અનિષ્ટ ભોજન આદિની પ્રાપ્તિ રૂપ બાહ્ય કારણથી થાય છે. આ બંને કારણો પૌદ્ગલિક હોવાથી દુઃખ એ પુદ્ગલનો ઉપકાર છે.

(૩) જીવન:- આયુષ્ય કર્મના ઉદયથી દેહધારી જીવના પ્રાણનું ટકી રહેવું તે જીવન છે. આ જીવન આયુષ્ય કર્મ, ભોજન, શ્વાસોચ્છ્વાસ આદિ અભ્યંતર અને બાહ્ય કારણોથી ચાલે છે. આ કારણો પૌદ્ગલિક હોવાથી જીવન એ પુદ્ગલનો ઉપકાર છે.

(૪) મરણ:- આયુષ્યકર્મ પૂર્ણ થવાથી દેહધારી જીવના પ્રાણનો ઉચ્છેદ થવો એ જ મરણ છે. વિષ, શસ્ત્ર, અગ્નિ વડે આયુષ્યનું અપવર્તન તે મરણ. આયુષ્ય કર્મ પૂરું થાય અને શ્વાસોચ્છ્વાસની ગતિ રોકાઈ જાય તે મરણ. આ કાર્ય બાહ્ય અને અભ્યંતર પુદ્ગલની સહાયથી થાય છે. માટે મરણ પુદ્ગલનો ઉપકાર છે.

**શંકા:** ૧૯ મા સૂત્રમાં શરીર આદિ પુદ્ગલનો ઉપકાર છે અને ૨૦ માં સૂત્રમાં સુખ આદિ પણ પુદ્ગલનો જ ઉપકાર છે. તો પછી બંને માટે એક સૂત્ર ન રચતા અલગ અલગ બે સૂત્રોની રચના કેમ કરી ?

**સમાધાન:** તમારો પ્રશ્ન વ્યાજબી છે. પણ જરાક વિચારો તો સમજાશે. શરીર આદિ માં પુદ્ગલનો ઉપકાર છે એનો અર્થ એ છે કે પુદ્ગલ કારણ છે. પરંતુ કારણ બે પ્રકારના છે.
(૧) ઉપાદાન કારણ અને (૨) નિમિત્ત કારણ
જે કારણ પોતે જ કાર્યરૂપે પરિણામ પામે તે ઉપાદાન કારણ. નિમિત્ત કારણ તે કહેવાય કે જે કારણ સ્વતંત્ર રૂપે અલગ રહી કાર્યમાં મદદ કરે.

દાખલા તરીકે ઘડો બનાવવામાં માટી અને દંડ બંને કારણ છે પણ માટી પોતે જ ઘડા રૂપે બની જાય છે તેથી તે ઉપાદાન કારણ છે અને દંડ સ્વતંત્ર રૂપે રહીને ઘડો બનાવવામાં મદદ કરે છે માટે તે નિમિત્ત કારણ છે. ૧૯ મા સૂત્રમાં શરીર આદિ ચારે કાર્યોમાં પુદ્ગલો પોતે જ શરીર આદિ રૂપે બની જાય છે અર્થાત્ કારણ જ કાર્યરૂપ બની જાય છે. જ્યારે ૨૦ મા સૂત્રમાં સુખ આદિ કાર્યોમાં પુદ્ગલો સુખ આદિ રૂપે બનતા નથી પણ સુખ આદિ [illegible] ઉત્પન્ન થવામાં મદદ કરે છે.

ઘડાનું ઉદાહરણ બીજી રીતે વિચારીએ.
ઘડો એ માટીનો ઉપકાર (કાર્ય) છે અને રોગની શાંતિ એ પણ માટીનો ઉપકાર (કાર્ય) છે. બંનેમાં ફર્ક એ છે કે ઘડામાં માટી પોતે જ ઘડારૂપ બની જાય છે જ્યારે રોગની શાંતિમાં માટી તો માટી રૂપે જ રહે છે પણ તેના નિમિત્તે શરીરમાં શાંતિ થાય છે. માટે ૧૯ મા સૂત્રમાં શરીર આદિ કાર્ય પ્રત્યે પુદ્ગલ ઉપાદાન કારણ છે અને ૨૦ મા સૂત્રમાં સુખ આદિ પ્રત્યે પુદ્ગલ નિમિત્ત કારણ છે. આ ભેદનું સૂચન કરવા આચાર્યશ્રીએ બે જુદા જુદા સૂત્રોની રચના કરી છે.

ટીકા: મુખ્ય ઉપકારોનું આ સૂત્ર દ્વારા કહે છે કે
સુખ - દુઃખ - જીવિત - મરણ એ ચારેમાં પુદ્ગલોનો ઉપકાર છે. જ્યારે ઇંદ્રિય વિષયોનો તો સમજ શકાય તે આ વિષયમાં તેથી જીવ ઉપર અસરો સુખ કે દુઃખ આપી શકતા નથી. ઘણા સુખ કે દુઃખ એનો તો પુદ્ગલ જ ઉપભોગ કરાય પરિણામે છે.

શાતા વેદનીય દ્વારા સુખની અને અશાતા વેદનીય કર્મોના ઉદય રૂપે દુઃખની અનુભૂતિ જીવ કરે છે. આ બંનેમાં બાહ્ય નિમિત્તો તો પુદ્ગલ જ છે. જીવ જે કંઈ સુખ કે દુઃખ ભોગવે છે તે પોતાના કર્મનું ફળ છે.

બહુ વિચાર કરીએ તો સમજાશે કે એક જ ચીજ વસ્તુ કોઈ જીવ માટે સુખદ હોય તે બીજા જીવ માટે દુઃખદ બને છે. જો શાશ્વત એવા અસ્તીત્વ સુખની પરખ હોય તો મોક્ષ જ એક માત્ર ઉપાય છે. મોક્ષની પ્રાપ્તિ પુદ્ગલોથી થતી નથી પણ પુદ્ગલોના છોડવાથી થાય છે.